


**ચિલોડાના બજારોમાં ખરીદી માટે ભીડ જામી :** ચિલોડામાં દિપાવલી પર્વ નિમિત્તે બજારોમાં ગ્રાહકોની ભીડ ખરીદી માટે ઉમટી પડી હતી. આ વિસ્તારના એપ્રોચ રોડ પર બંને સાઈડે દુકાનોની હારમાળા સાથે ફટાકડા અને મીઠાઈના સ્ટોલ પણ ઉભા થયા છે. જેમાં લોકોએ ધૂમ ખરીદી કરી હતી. ચિલોડા વિસ્તારમાં પર પ્રાંતિય લોકો પણ મોટી સંખ્યામાં વસવાટ કરે છે. આ પરપ્રાંતિય લોકોએ દિવાળી ટાણે માદરે વતન જવા પ્રયાણ કરી રહ્યા હોઈ અહી ભારે અવર-જવર અને ટ્રાફિક જામના દશ્યો સર્જાઈ રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# મહેસાણામાં સરકારના નિયમોની ઐસી કી તૈસી કરતા ટ્યુશનીયા શિક્ષકોનો રાફડો

ઊંઝા, તા. ૨૨

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી ટ્યુશન પ્રથા પર પ્રતિબંધ મુકવા છતાં મહેસાણા જિલ્લામાં કેટલાય શિક્ષકો સરકારના આદેશની ઐસી કી તૈસી કરીને ખાનગીમાં ટ્યુશન ક્લાસો ચલાવી તગડી કમાણી કરી રહ્યા છે. જેના કારણે શિક્ષણ કાર્ય પર માઠી અસર પડી છે. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થતાં જ ટ્યુશનો ચાલુ થઈ જાય છે. જે વાર્ષિક પરીક્ષા સુધી ચાલુ રહે છે.

છેલ્લા કેટલાય સમયથી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં શાળાઓના શિક્ષકોને ખાનગી ટ્યુશનો કરવા પર પ્રતિબંધ લાદ્યો છે. તેમ છતાં મહેસાણા જિલ્લાના મુખ્ય મથક મહેસાણા, ઊંઝા, વિસનગર, કડી, વિજાપુર તાલુકામાં સરકારના નિયમોની ઐસી કી તૈસી કરીને કેટલાયે શિક્ષકો ટ્યુશનની હાટડીઓ ચલાવી રહ્યા છે. સરકારી ગ્રાન્ટ મેળવતી શાળાઓમાં ઊંચા પગાર મેળવનાર શિક્ષકો પૈકી ખાસ કરીને ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ કોમર્સના વિષયો સાથે સંકળાયેલ શિક્ષકો વિદ્યાર્થીઓના ટ્યુશનો કરી તગડી કમાણી કરી રહ્યા છે. કહે છે કે વિજ્ઞાન પ્રવાહમાં ટ્યુશન કરનાર શિક્ષકો વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પાસેથી વિષય દીઠ વાર્ષિક ૧૫૦૦૦ થી ૩૦૦૦૦ રૂપિયા સુધીની ઉંચી ટ્યુશન ફી લેતા હોવાની લોક ફરીયાદો ઉઠી છે.

જિલ્લામાં ટ્યુશનીયા શિક્ષકોની બોલચાલા વધી ગઈ છે. આ પ્રથામાં આર્થિક રીતે સક્ષમ તેમજ અન્ય વિદ્યાર્થીઓના વાલીઓના ખીસ્સા હળવા થાય છે. જો કે શ્રીમંત વર્ગના લોકો નાણાના જોરે પોતાના સંતાનોને ટ્યુશનના સથવારે શિક્ષણ અપાવી પરીક્ષામાં સફળતા અપાવે છે. પરંતુ આ સામે ગરીબ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ જેવા ટ્યુશન રાખી શકે તેમ નથી તેઓનો અભ્યાસ અને વિકાસ રૂંધાય છે તેવું કહેવાય છે.

જિલ્લામાં કેટલાક ટ્યુશનીયા શિક્ષકોએ પોતે જે વિષય શિખવતા હોય તે વિષયોની એસાઈમેન્ટો ઝેરોક્ષ સેન્ટરોવાળા પાસે તૈયાર કરાવીને તેમના થકી જ બારોબાર વિદ્યાર્થીઓને વેચાણ કરાવીને આમાંથી પણ વધારાની આવક ઉભી કરવાનો નવો કિમીયો શોધી કાઢયો છે. ટ્યુશનોની હાટડીઓને લીધે શાળાઓ ગૌણ બનીને ટ્યુશન ક્લાસો જ મુખ્ય બની ગયા છે. ટ્યુશનિયા શિક્ષકો વિશે જે તે શાળાઓના કેળવણી મંડળો, આચાર્યોને બધી જાણ છે તેમ છતાં કોણ જાણે કેમ શિક્ષણ વિભાગ તરફથી કોઈ કડક પગલાં ભરાતાં નથી. આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને પણ ટ્યુશન ચલાવનારા શિક્ષકો વિશેની જાણકારી હોવા છતાં કોઈ અસરકારક પગલાં ભરાતાં નથી. જિલ્લામાં ખાનગી શાળાઓની સંખ્યા ખૂબ વધી ગઈ છે. ધોરણ-૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહની આવી શાળાઓમાં તગડી ફી વસૂલ કરાય છે.

# કાળીચૌદશના પ્રસંગે હનુમાન મંદિરોમાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

## અશાંતિને દૂર કરવા તેમજ બાધાઓથી મુક્તિ મેળવવા પણ ખાસ પૂજા : પ્રાચીન સમયથી કાળી ચૌદશનું મહત્વ

અમદાવાદ,તા.૨૨

દિવાળી પર્વની આવતીકાલે ઉજવણી કરવામાં આવે તે પહેલા આજે બુધવારના દિવસે કાળી ચૌદશની પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવી હતી. આજે સવારથી લઈને સાંજ સુધી હનુમાનજીના મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી. જુદા જુદા સંકટોથી બચવા માટે હનુમાનજીની ઉપાસના કરવામાં આવી હતી. આ ઉપાસના કરીને સંકટોને દૂર કરવા પ્રયાસ કરે છે. શ્રદ્ધાળુઓ દ્વારા જુદા જુદા ચાર રસ્તાઓ ઉપર જુદી જુદી ચીજવસ્તુઓ મુકીને ઘરમાં રહેલી તકલીફોને દૂર કરવા પ્રયત્ન કરતા હોય છે. આજે મોડી સાંજથી જ આ તમામ વિવિધ અને પ્રક્રિયાનો દોર શરૂ થઈ ગયો હતો. સાંજે ચાર રસ્તાઓ ઉપર આ પ્રકારની વિધિ કરેલી નજરે પડી હતી. સૌથી મહત્વની બાબત એ રહી હતી કે,



દિવસને નર્કચતુર્દશી તરીકે પણ કહેવામાં આવે છે. જુદા જુદા વિઘ્નો અને બાધાઓના નિવારણ માટે આ પ્રસંગે અથવા તો કાળી ચૌદશની રાત્રે હનુમાનજી કે મહાકાળી માતાજી જેવા ઉગ્ર દેવી દેવતાઓની પૂજા કે આરાધના કરવામાં આવે છે. ભૈરવરુદ્રની પણ પૂજા કરવાનો રિવાજ રહેલો છે. પ્રાચીન કાળથી જ કાળી ચૌદશની રાત્રે તંત્રમંત્ર સિદ્ધિ પ્રયોગોની પરંપરા રહી છે. આ દિવસે સામાન્ય લોકો પણ હનુમાનજીની આવતીકાલે દિવાળી પર્વ પહેલા બજારમાં પણ જોરદાર ધસારો જોવા મળ્યો હતો. એક બાજુ કાળી ચૌદશના પ્રસંગે શ્રદ્ધાળુઓ હનુમાનની ઉપાસનામાં વ્યસ્ત રહ્યા હતા અને હનુમાન ચાલીસા વાંચીને કષ્ટોથી મુક્તિ મેળવવાના પ્રયાસો કરાયા હતા. બીજી બાજુ બાળકો અને યુવા પેઢી ઉજવણીમાં વ્યસ્ત દેખાઈ હતી. આ ઉજવણી હવે બે ત્રણ દિવસ સુધી જારી રહે તેવી શક્યતા છે.

# આંગણવાડી સશકિતકરણ પ્રોગ્રામ અંતર્ગત સાબરકાંઠા મહેસૂલી તંત્રની પહેલ

## તલોદની આંગવાડી કેન્દ્રોને પંખા સહિતની વિવિધ સાધન સામગ્રીનું વિતરણ કરાયું

તલોદ, તા.૨૨

ગતિશીલ ગુજરાત અભિયાન અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા અનેકવિધ કાર્યક્રમો ઝુંબેશરૂપે હાથ ધરવામાં આવ્યા છે અને નિર્ધારીત લક્ષ્યાંકથી પણ વધુ સિધ્ધિ હાંસલ કરવામાં આવેલ છે.

મહેસુલી વહીવટી તંત્ર દ્વારા આંગણવાડી સશકિતકરણ પ્રોજેકટ અંતર્ગત એક આગવી પહેલ કરવામાં આવી રહી છે. સાબરકાંઠા જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ તલોદ મહેસૂલી તંત્ર દ્વારા પોતાની કાયમી કામગીરી ઉપરાંત સામાન્ય લોકોને સ્પર્શતા ખાસ કરીને મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટેની વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી છે. આવી જ એક વિશેષ કામગીરીના ભાગરૂપે તલોદ તાલુકાના તમામ આંગણવાડી કેન્દ્રોને પંખા સહિતની આવશ્યક તમામ સાધન સામગ્રીનું મામલતદાર કચેરી, તલોદના સંકલનમાં લોક ભાગીદારી તથા એ.પી.એમ.સી. તલોદના સહકારથી જિલ્લા કલેકટરના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ૪૮ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ બાબતે જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે સાધન સામગ્રીથી સંપન્ન આંગણવાડી કેન્દ્રો વધુ કાર્યક્ષમતાથી કામ કરી શકશે અને ગુજરાતની ભાવીપેઢી સમા બાળકોના આરોગ્ય અને ઘડતર પર વધુ સારી રીતે કામ થઈ શકશે તેમણે આંગણવાડી કાર્યકરોને પણ બાળકો સાથે આત્મીયતા પૂર્વક અને વાત્લ્યપૂર્વક વર્તન કરવા અપીલ કરી હતી આ ઉપરાંત તાલુકાના અતિ કુપોષિત બાળકોને કુપોષણથી મુકત કરવા માટે ઝુંબેશ રૂપે અને નકકર પરિણામ લક્ષી કામગીરી કરવા સૂચના આપી હતી. કાર્યક્રમના પ્રાંત અધિકારી એચ.આર. મોદી, મામલતદાર ડૉ વિ.કે. જોષી, એ.પી.એમ.સી. ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ અને તાલુકાના અન્ય અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ખેડબ્રહ્માામાં જીપની ટકકરથી એકનું મોત

ખેડબ્રહ્મા, તા.૨૨

ખેડબ્રહ્મા શહેરમાં જીપના ચાલકે જીપ રિવર્સ કરતા રસ્તા ઉપર ઉભેલા એક ઈસમને ટકકર મારતા તેનું સારવાર દરમિયાન મોત નિપજતા આ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે ગત ૧૧ ઓકટોબરના રોજ સાંજના સુમારે જીપ નંબર જીજે-૭ આર.- ૨૯૧૦ના ચાલકે પોતાના કબજાની જીપ રિવર્સ લેતી વખતે રોડ ઉપર ઉભેલા અબ્દુલ રહેમાન પઠાણ (રહે. વડાલી)ને ટકકર મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન તેનું આજે મોત નિપજતા વડાલીના તહીનખાને ગુનો કરી નાશી છૂટેલ અજાણ્યા જીપ ચાલક વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ઊંઝામાં સસ્તા અનાજની દુકાનોમાં ભારે ગોલમાલ અને ગેરરીતિઓની બુમરાણ

ઊંઝા, તા.૨૨

ઊંઝા તાલુકામાં પુરવઠાતંત્રની નિષ્ક્રિયતાને કારણે પંડિત દિન દયાલ ગ્રાહક ભંડારો યાને રેશનિંગની દુકાનોમાં છેલ્લા ઘણા વખતથી ગેરરીતિ ચાલી રહ્યાની બૂમરાણ ઉઠી છે. ઊંઝા તાલુકાના લગભગ તમામ ગામોમાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર યાને રેશનિંગની દુકાનો આવેલ છે. જે પૈકી કેટલીક દુકાનોના સંચાલકો તેઓને ફાળવાયેલ જથ્થાના વિતરણમાં ભારે ગોલમાલ કરી કેટલોક જથ્થો કાળાબજારમાં વગે કરી તગડી કમાણી કરી રહ્યા હોવાનું ચર્ચાય છે.

કહે છે કે અંત્યોદય, બીપીએલ તથા એ.પી.એલ. કાર્ડ ધારકોને માટે ફાળવવાનો કેરોસીન, ચોખા, ઘઉં તેમજ અન્ય ચીજોનો કેટલોય જથ્થો કાળાબજારમાં પગ કરી જાય છે. મોટા ભાગની દુકાનોમાં એક દિવસ પુરતું જ કેરોસીનનું વિતરણ કરાય છે. કેરોસીન મેળવવા માટે વહેલી સવારથી લાઈનો લાગી જાય છે. બીજું પરવાનેદારો જાતે દુકાનનું સંચાલન કરતા નથી અને બીજા વ્યકિતઓ જ સંચાલન સંભાળતા હોઈ પરવાનાઓનો પણ દુરુપયોગ થઈ રહ્યો હોવાનું કહેવાય છે. પરિણામે કેટલાક કાર્ડધારકો તેમને મળવાપાત્ર જરુરી ચીજવસ્તુઓથી વંચિત રહે છે. આમ રેશનિંગની દુકાનોમાં ગેરરીતિઓ સામાન્ય બની ગઈ છે. તાલુકામાં કેટલીક મોડેલ શોપની સ્થિતિ ખરાબ બની છે.

તાલુકા તથા જિલ્લા પુરવઠા તંત્રના અધિકારીઓ દ્વારા રેશનિંગની દુકાનોમાં ફાળવાતો જથ્થો વાસ્તવમાં કાર્ડ ધારકોને મળે છે કે કેમ? તે અંગે સાચી રીતે કોઈ જ તપાસ થતી નથી. કહે છે કે તાલુકામાં કેટલીક જગ્યાએ કાળાબજારમાં કેરોસીનનું વિતરણ થાય છે. ટ્રેકટરો, રીક્ષાઓ, હોટલો વગેરેમાં તેનો ઉપયોગ થઈ રહ્યાનુ કહેવાય છે. આ બાબતે ઉચ્ચ કક્ષાએથી રેશનિગની દુકાનો કેરોસીનના વિતરકોની ઝીણવટભરી તપાસ થાય તો ઘણી ચોંકાવનારી ગેરરીતિ બહાર આવ તેમ છે. આમાં અધિકારીઓના કથિત હપ્તા રાજની વિગતો પણ ખુલ્લી પડી શકે તેમ છે તેવું પ્રજામાં બોલાય છે.

# ૧૦૦ ટકા બાળકની નોંધણી કરાવવા લક્ષ્ય છે : ચુડાસમા

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં મોટાપાયે શિક્ષકોની ઘટ હોવાની ફરીયાદો વારંવાર ઉઠતી રહી છે, ત્યારે હવે ખુદ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ સ્વીકાર કર્યો છે કે, રાજ્યમાં શિક્ષકોની ઘટના કારણે બાળકોના શિક્ષણ ઉપર માઠી અસર પડી રહી છે. શિક્ષણમંત્રી દ્વારા આ ઘટને ટૂંક સમયમાં પુરી કરવાનું વચન અપાયું છે. જો કે, વાસ્તવિકતા વધુ ભયાનક છે. રાજ્યની શાળાઓમાં અત્યારે ૪૦ ટકા શિક્ષકોની અછત છે. તેમાંય રાજ્મયાં કુલ ૧૦ હજાર શાળામાં આવેલ ૧ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓને ભણાવવા માટે માત્ર એક જ શિક્ષક ઉપલબ્ધ છે. રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગોમાં પણ ૭ હજાર શિક્ષકોની ઘટ છે. જિલ્લાની વાત કરીએ તો એકલા પંચમહાલ-ડાંગ જિલ્લામાં જ ૮ હજારથી વધુ શિક્ષકોની ઘટ છે. જેના કારણે બાળકોના શિક્ષણ ઉપર માઠી અસર પડી રહી છે. એવું નથી કે માત્ર શાળા કક્ષાએ જ શિક્ષકોની ઘટ છે પરંતુ ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ શિક્ષણમાં પણ કાયમી શિક્ષકોની ઘટ છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંલગ્ન રાજ્યની ૪૫૦ થી વધુ કોલેજોમાં ૫૦ ટકા શિક્ષકોની ઘટ છે. એકલી એલડી એન્જીનીયરીંગની જ વાત કરીએ તો તેમાં કુલ અધ્યાપકો પૈકી ૫૭ ટકા અધ્યાપકો પાર્ટટાઈમ છે. એટલે કે, કાયમી શિક્ષકોની ગેરહાજરીમાં જ બાળકોનું શિક્ષણકાર્ય ચાલી રહ્યું છે. રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓમાં પણ ૪૦ થી લઈ ૬૦ ટકા સુધી શિક્ષકોની ઘટ જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આવનારા સમયમાં જીરો ટકા ડ્રોપાઉટ રેસીયો અને ૧૦૦ ટકા રજીસ્ટ્રેશનના લક્ષ્યાંકને હાંસલ કરવાના દાવા કરી રહ્યા છે પરંતુ શિક્ષકોની ઘટના કારણે કદાચ ૧૦૦ ટકા રજીસ્ટ્રેશનનું લક્ષ્યાંક મેળવી પણ લેવાય તો પણ બાળકોને ભણાવશે કોણ તે પ્રશ્ન ઉપસ્થિત થવા પામ્યો છે.

# દિવાળી : ફરીથી કમળાના રોગચાળાએ માથું ઉચક્યું

અમદાવાદ, તા.૨૨

શહેરમાં દિવાળીનો તહેવાર ચાલુ થઈ ગયો છે ત્યારે લોકો ખરીદી અને તૈયારીમાં વ્યસ્ત છે પરંતુ શહેરના ચાંદખેડા વિસ્તારમાં પ્રદૂષિત પાણીને કારણે કમળાના રોગચાળાએ માથું ઉચક્યું છે. જેના લીધે તે વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલ કમળાના દર્દીઓથી ઉભરાઈ ગઈ છે.

ચાંદખેડાના જનતાનગર, હાઉસીંગ બોર્ડ, આઈઓસી રોડ, વિસતમાતા મંદિરનો વિસ્તાર વગેરે વિસ્તારમાં પ્રદૂષિત પાણીની વ્યાપક ફરિયાદ ઉઠવા પામી છે. સ્થાનિક રહેવાસી જણાવ્યું હતું કે, ચાંદખેડા વિસ્તારમાં પહેલેથી જ પાણીની સમસ્યા છે, જેથી મોટાભાગના લોકો પોતાના ઘરમાં આરઓ લગાવતા હોય છે કે પછી પ્યુરીફાઈ કરેલી પાણીની બોટલ કે જે માત્ર વીસ રૂપિયામાં મળે છે તે લાવવાનો આગ્રહ રાખતા હોય છે. જો એમ કરવામાં ના આવે તો બીમારીનો ભોગ બનવું પડે છે, જેના કારણે એમ પણ અમારા ઘરમાં આરઓ પ્લાન્ટ નખાવ્યો છે.

આ અંગે ચાંદખેડા વિસ્તારના પબ્લિક હેલ્થ સુપરવાઈઝર દિલીપ નિનામાને પૂછતા તેઓ જણાવ્યું હતું કે, કમળાના આવા કોઈ કેસ ધ્યાનમાં આવ્યા નથી. અર્બન બેલ્થ સેન્ટરમાં તપાસ કરવી પડશે. જો કમળાના કેસ ધ્યાનમાં આવશે તો જે તે વિસ્તારની મુલાકાત લઈને પાણીના સેમ્પલ લઈશું અને ક્લોરીનની ગોળીઓ પાણીમાં ભેળવવા માટે આપીશું. એમ આજે જ સર્વે કરીશું કે પરિસ્થિતિ કેવી છે?

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એકસક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦